



Yogi Bapa’s Blessings letter on the occasion of the publication of Shastriji Maharaj’s Biography in 1960

**પ. પૂ. પ્ર. બ્ર. સ્વ. શ્રી યોગીજી મહારાજનો આશીર્વાદ પત્ર**

સ્વામી શ્રીજી સત્ય છે

# આશીર્વાદ

તા. ૪–૧૧–૬૦ કાર્તિક વદી ૪ ને શુક્રવાર.

અહોહો ! સાક્ષાત્ સ્વામીનું જીવન ચરિત્ર છપાઈ રહ્યું છે. તો તેમાં સ્વામી શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ તથા ભગતજી મહારાજ તથા જાગાસ્વામી, ગુરુ કૃષ્ણજી અદા તથા સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી સ્વામી, સર્વ સદ્‌ગુરુની કૃપાનું આ શાસ્ત્ર થશે. તે સ્વામીનું જીવન ચરિત્ર નિર્દોષ બુદ્ધિવાળું છે.

પરમ ભક્તરાજ હર્ષદરાયભાઈએ ઘણો દાખડો કરીને સ્વામીનું જીવન ચરિત્ર છપાવેલું છે તો વાંચવાથી ઘણી જ શાંતિ થાય છે. માટે દરેક ભાઈઓએ આ સ્વામીનું જીવન ચરિત્ર મહાપ્રસાદીનું છે તે સૌએ ગ્રાહક થઈને લઈ લેવું. પછી મળી શકશે નહિ. મહાચમત્કારી જીવન ચરિત્ર છે તે વાંચવાથી બહુ જ સુખ આવશે. માટે દરેક ભાઈઓએ આ જીવન ચરિત્ર લઈ લેવું. હંમેશાં વાંચવાનું નિયમ રાખવું તેમાં સ્વામી શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજનો રાજીપો છે.

દા.
સાધુ જ્ઞાનજીવનદાસજી
ના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.